

# મહર્ષિ દયાનંદ : એક પરિચય

**વંદના સી. સિસોદિયા,**
**ગુજરાતી વિભાગ**
**ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા**

**પ્રસ્તાવના**

ઓગણીસમી સદીમાં ભારતમાં રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક રીતે ઘણી ઉથલ પાથલ સર્જાઈ. ભારત પર પહેલાં વિદેશી મુસલમાનોએ સદીઓ સુધી રાજ્ય કર્યું અને પછી બ્રિટીશ શાસકોના હાથમાં સત્તાની દોર આવી, આ દરમિયાન ભારતની સંસ્કૃતિ, ધર્મ, પરંપરાગત મૂલ્યો, સંસ્કારો જેવું કશુ રહ્યું નહીં. કારણ પશ્ચિમના બુધ્ધિવાદે પ્રજા માણસને પોતાના સકંજામાં લઈ લીધું. આવી લોકોની પોતાની સંસ્કૃતિમાંથી શ્રધ્ધા ડગમગવા લાગી, આત્મવિશ્વાસ જેવું કશુ રહ્યું નહિ. લઘુતાગ્રંથીથી પિડિત લોકમાનસમાં એવું ઠસી ગયું હતું કે, પશ્ચિમનું જે કંઈ હોય તેજ સર્વોત્તમ પ્રજા માણસ સારા નરસાનો ભેદ પારખી શકવાની સ્થિતિમાં ન હતું.

આવા ઘોર અંધકારમય યુગમાંથી દેશને બહાર લાવવો અને બચાવવો ખૂબજ જરૂરી હતું અને એને માટે સાંસ્કૃતિક નવોત્થાન અને જાગૃતિ સિવાય અન્ય કોઈ ઉપાય ન હતો અને એવા સાંસ્કૃતિક આંદોલન કરનારી વિરલ વિભૂતિઓમાં સ્વામી દયાનંદ પણ હતા. તેઓ એક પંથના સ્થાપક, મહાન સમાજ સુધારક અને સાંસ્કૃતિક નવજાગૃતિના પથદર્શક કહો કે મશાલચી હતા.

સ્વામી દયાનંદે ભારતવાસીઓના મન પર છવાયેલા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા અને બ્રાહ્મણ વર્ગે સદીઓથી ઊભા કરેલા અંધવિશ્વાસ, મિથ્યાવાદ અને ધર્માન્તરણને સમાપ્ત કરવા અથાગ પ્રયત્નો કર્યા. તેઓએ વૈજ્ઞાનિક અને તર્કસંગત આધાર આપી ભારતીય સમાજની પુનઃ સ્થાપનાનો પાયો નાખ્યો.

**જન્મ :**

સ્વામી દયાનંદનો જન્મ ૧૨મી ફેબ્રુઆરી ૧૮૨૪ માં ટંકારા નજીક જીવાપુર નામના ગામડામાં થયો હતો. આમ ગુજરાતનો રાજકોટ જિલ્લો એ તેમની જન્મભૂમિ. પિતાનું નામ કરસનજી લાલજી ત્રિવેદી હતું. ચુસ્ત શૈવધર્મી ઔદિચ્ય બ્રાહ્મણ અને પૈસા પાત્ર તથા પ્રતિષ્ઠિત પરિવારમાં તેમનો જન્મ પિતાની પ્રબળ ઈચ્છા હતી કે પોતાનો પુત્ર પણ પોતાને પગલે ચાલે અને શૈવધર્મી બને.

દયાનંદની બુદ્ધિ ઘણી તીક્ષ્ણ અને યાદશક્તિ આશ્ચર્ય પમાડે તેવી હતી. પિતા વેદ પાઠી વિદ્વાન હતા અને દયાનંદનો સર્વાંગી વિકાસ થાય એ ગણતરીથી ઘેર અભ્યાસ કરાવવો શરૂ કર્યો. પાંચ વર્ષની ઉંમરે સંસ્કૃત સાહિત્યમાંથી અનેક અવતરણો અને શ્લોકો કંઠસ્થ કર્યા. આઠ વર્ષની વયે યજ્ઞોપવિત સંસ્કાર થયા અને જનોઈ ધારણા કરવી પડી તે પછી રોજ થોડો સમય પૂજા પાઠમાં ગાળવો પડતો. આ કારણે

તેમના અભયાસનો સમય ઓછો થતો ગયો. પિતા તેમને ધર્મપરાયણ અને શિવભક્ત બનાવવા માંગતા હતા. જ્યારે વિધાતાએ બીજું જ કાંઈ વિચાર્યું હતું.

ક્રિયાકાંડ અને રૂઢિગત રીતરીવાજાને માટે તેમનું મન શંકાશીલ બનવા લાગ્યું હતું અને એને માટે કારણભૂત કેટલાક પ્રસંગ બન્યા જેને કારણે એમની શ્રધ્ધા ડગમગી ગઈ. પહેલી ઘટનામાં શિવરાત્રીને દિવસે રાત્રિ જાગરણ સાથે ઉપવાસનો પિતાજીએ આદેશ આપેલો. મધ્યરાત્રિએ તેમણે શિવલિંગ પર દોડાદોડ કરીને તેને ભ્રષ્ટ બનાવતા તથા ધરેલી પ્રસાદ સામગ્રીને આરોગતા ઉંદરો જાયા અને ઉંદરોને તંગ કરતા રોકવાને લાચાર શિવ ભગવાનને જાઈ તેમની આંખ ઉઘડી ગઈ, એમના જીવન અને વિચારધારામાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું અને એજ સમય હતો જ્યારે મૂર્તિ પૂજાનું કોઈ તાર્કિક કારણ તેમને ન જણાયું.

આ સિવાય બહેનના ચૌદ વર્ષની વયે અને એ પછી થયેલા કાકાના નિધન પ્રસંગે તેમને હચમચાવી નાખ્યા. આ ખળભળાટે તેમને વિચારવા મજબુર કર્યા કે, મૃત્યુ કોઈને મુકતું નથી. અમર જીવનનો ઉપાય શોધવાની ચિંતામાં આખી રાત ઊંઘી ન શક્યા. જન્મ-મરણના ચક્રનો ઉપાય શું ? મુક્તના માર્ગ માટે કોના પર ભરોસો મુકી શકાય ? આવા અનેક પ્રશ્નો અવિરત ચાલ્યા. આથી તેમણે સત્યની અને પ્રકાશની ખોજ આરંભી દેશને ખૂણે ખૂણે ઘૂમી વળ્યા, અનેક સાધુ સંતોને મળ્યા.

અંતે મથુરા આવ્યા. અહીં સ્વામી વિરજાનંદનો ભેટો થયો તેમણે કહ્યું "બધું જ ફેંકી દે માત્ર વેદનો અભ્યાસ કર" ! અને તેમણે વેદનો અભ્યાસ આરંભ કર્યો. જ્યારે અભ્યાસ પૂર્ણ થયો ત્યારે તેમણે જાણ્યું કે, મૃત્યુ નું રહસ્ય શું છે ? સ્વામી વિરજાનંદે બોલાવી કહ્યું કે, જા અને સમાજમાં વેદોના જ્ઞાનનો પ્રચાર કર, દયાનંદને 'ઋષિ દયાનંદ' નામ પણ તેમણે આપ્યું તેમનું વેદોના જ્ઞાન પ્રસારનું કાર્ય અને સમાજાધ્ધારનું કાર્ય અવિરત પણે

અવસાન :

સ્વામી દયાનંદે સ્થાપેલા 'આર્ય સમાજ' અને તેની પ્રવૃત્તિને કારણે તેમજ સ્વામીજીના વિચારો અને ઝનૂની માણસને લીધે તેઓ એક વિવાદાસ્પદ વ્યક્તિ બની ગયા હતા.

સુધારા અને નવજીવનનો સંદેશ આપવા સ્વામી પોતે જ પ્રવાસનું આયોજન ઠેરઠેર વિરોધીઓની કપટજાળ ફેલાયેલી હતી છતાં સલામતીની પરવા તેમને ન હોતી.

એટલામાં સંવત ૧૯૪૦ ની ભાદરવા વદ ચૌદશ આવી. જાધપુરના મહારાજા યશવંતસિંહે સ્વામીજીને મહેલે પધારવા આમંત્રણ આપેલું. રાજમહેલમાં પધારેલા સ્વામીજીએ જાયું કે, રાજા તો એક નર્તક (વૈશ્યા) ની મોહજાળમાં ફસાયેલા છે. સ્વામીજીએ રાજાને આ આસક્તિમાંથી બહાર નિકળી જવા અને એ કાર્ય કેટલું અનુચિત છે. એ બાબતમાં સમજાવ્યા ત્યારે એ નર્તકી નન્હીજાન સમજી ચુકી કે તેના ઐશ્વર્યનો અંત નજીક છે. રાજા, સ્વામીના વૈરાગ્યના રંગથી રંગાવા લાગ્યા ત્યારે નર્તકીથી આ સહન ન થયું અને તેને રસોઈયા જગન્નાથ મારફતે સ્વામીજીના જીવનદીપને બુઝાવવા દૂધમાં કાતિલ ઝેર ભેળવી પીવડાવ્યું. કોઈ ઉપાય ન હતો. રસોઈયાનું નામ જાહેર થાય તો અનુયાયીઓ તેને જીવથી મારી નાખે તેથી સ્વામીજીએ જગન્નાથને પૈસાની સગવડ કરી રાતો રાત ત્યાંથી જતા રહેવા કહ્યું એ પછી મોતની અંતિમ પળોમા સ્વસ્થપણે ગંભીર સ્વરે વેદગાન કરતા કરતાં તેમણે દેહ છોડ્યો.

**આર્ય સમાજની સ્થાપના :**

વેદોના આદર્શોના પ્રસાર અને પ્રચાર માટે એક સંસ્થા સ્થાપવાનું સ્વામીજીએ નક્કી કર્યું અને તેને નામ અપાયું 'આર્ય સમાજ'

આ સંસ્થાની સ્થાપના ખુદ દયાનંદે ૧૦ મી એપ્રિલ ૧૮૭૫ માં મુંબઈ ખાતે કરી હતી. આ સંસ્થાએ ભારતીય સમાજમાં પ્રચંડ સ્થાન મેળવ્યું અને ભારતના સામાજિક તથા રાજકીય નવનિર્માણમા એ સંસ્થાએ મહત્વની ભૂમિકા અદા કરી. હિંદી ભાષી રાજ્યોમાં મોટી સંખ્યામાં તેમના પ્રવચનોની અસર થઈ અને પંજાબ, રાજસ્થાન, બિહાર, ઉત્તરપ્રદેશ વગેરે રાજ્યોમાં તેમની સંસ્થાનો વ્યાપક પ્રચાર થયો.

આર્ય સમાજની સ્થાપના થતાં વેત તેની પ્રવૃત્તિને વેગ મળ્યો. ઉત્તર ભારતમાં ઠેકઠેકાણે એક પછી એક સેંકડો આર્ય સમાજ સંસ્થાઓ સ્થપાઈ ગઈ. આ સંસ્થાઓએ વેદ સંદેશને ઘેર ઘેર ગુંજતો કરવામાં મોટો ફાળો આપ્યો.

સ્વામીજીએ વેદોને આર્ય સમાજનો આધાર માન્યો તેમણે વેદોક્ત વિચારોને દેશ-વિદેશ પ્રસારિત કરવા માટે જ 'આર્ય સમાજ' ની સ્થાપના કરી. આ સંસ્થા મારફતે તેમણે ફક્ત પોતાના સમાજ, દેશ કે પ્રજાના હિતની વાત નથી કરી બલ્કે સંપૂર્ણ માનવજાતના કલ્યાણની કામના કરી છે.

સ્વામી દયાનંદે આભડછેટ તેમજ જન્મ આધારિત ઉંચ-નીચની ભાવનાના ઘોર વિરોધી હતા તેમણે ધાર્મિક વ્યવહારોની આચારમુલક વ્યાખ્યા આપી છે. તેમણે સમાજમાં પ્રવર્તતા અજ્ઞાન, અન્યાય, અભાવને ખતમ કરવા જનતાને આહવાન કર્યું. વેદોની વિચારધારા પર આધારિત જાતિ પ્રથાને માનવજાતનો મોટો અપરાધ ગણાવ્યો. ગાય વગેરે સર્વ ઉપયોગી પશુઓની હિંસાને પાપ બતાવ્યું. સર્વે પ્રકારે વેદોની વિચારધાર પર આધારિત એક આદર્શ સમાજના નિર્માણની રૂપરેખા સંસાર સમક્ષ પ્રસ્તુત કરી.

આમ, સ્વામીજીએ આર્ય સમાજની સ્થાપના દ્વારા દેશની જનતા અને દેશવાસીઓને જાગૃત અને શિક્ષિત કરવાના કામે લાગી અને સમાજમાંથી પાખંડ અને સ્વાર્થ અજ્ઞાનને દૂર કરવા પ્રયત્ન કર્યો. આર્ય સમાજે તેના દશ નિયમોમાં અને સિધ્ધાંતો નક્કી કરી પ્રચલિત કરી લોકોના વિશ્વાસ વધાર્યા.

૧. સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યા થી જાણવામાં આવે છે તે સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.

૨. ઈશ્વર સચ્ચિદાનંદરૂપ, નિરાકાર, સર્વશકંતિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનાદિ, નિર્વિકાર, અનંત, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાનતર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્તા છે. તેની જ ઉપાસના કરવી યોગ્ય છે.

૩. વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદ ભણવા-ભણાવવા અને સાંભળવા - સંભળાવવા એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

૪. સત્યને ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જાઈએ.

૫. સર્વ કામ ધર્માનુસાર અર્થાત સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવા જાઈએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ્ય છે. અર્થાંત શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવી.

૭. સૌની સાથે પ્રીતિ પુર્વક, ધર્માનુસાર, યથાયોગ્ય વર્તવું જાઈએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જાઈએ.

૯. પ્રત્યેક મનુષ્યે પોતાની જ ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જાઈએ. પરંતુ સર્વેની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જાઈએ.

૧૦. સર્વ મનુષ્યોએ સામાજિક સર્વહિતકારી નિયમો પાળવામાં પરતંત્ર રહેવું જાઈએ અને પ્રત્યેક હિતકારી નિયમોમાં સૌ સ્વતંત્ર રહે.

'ચાલો વેદો ભણી' સ્વામીજીનો મુખ્ય સંદેશ :

સ્વામી દયાનંદનું જીવન વેદ પ્રત્યે સમર્પિત હતું તેમનું વૈદીક જ્ઞાન સ્પષ્ટ અને નિઃસંદેહ હતું આથી તેમના વિચારોમાં પ્રખરતા, દ્રઢતા અને લેખનમાં તાર્કિકતા હતાં વેદ અને વૈદીક સાહિત્યનું વહન અધ્યયન કર્યું હોઈ તેઓ વેદજ્ઞાનને સંપૂર્ણ અને અંતિમ પ્રમાણ માનતા વેદોમાં સર્વકાલિક અને સર્વજનીન જ્ઞાન વિજ્ઞાનનો પ્રકાશ કરવામાં આવ્યો છે. વેદો પ્રત્યે આ પ્રકારના પુરાતન વૈદિક ઋષિઓ દ્વારા પ્રતિપાદિત દ્રષ્ટિકોણ અપનાવી તેમણે આજીવન વેદોનો સંદેશ ફેલાવાનું કાર્ય કર્યું.

"ચાલો પાછા વેદો ભણી વળીએ" સ્વામી દયાનંદની આ વેદનાભરી વિનંતી હતી. ભારતની આધ્યાત્મિક પરંપરાની આગેકૂચ વેદોના માધ્યમથી જ થાય તેવો એમનો દ્રઢ મન હતો. હિંદુ સમાજના ઉધ્ધાર માટે અને વેદકાળની પ્રાચીન ગરિમા પુનઃ સ્થાપિત કરવા તેઓ જિંદગીભર જૂજતા રહ્યા. તેઓ વેદ સિવાયનું કશુ સાંખી ન શકતા અને વેદોનું જ્ઞાન જ સાચું જ્ઞાન છે. સ્થળ અને કાળના પરિવર્તનો છતાં વેદોની વાણીની સાર્થકતા અને સાતત્યમાં તેમનો વિશ્વાસ અતુટ હતો.

ધર્મશાસ્ત્રના જ્ઞાતાના રૂપમાં એમણે ઈશ્વર અને વેદો વિશે સુદ્રઢ વિચારો રજુ કર્યા◌ે તેઓ એક પરમાત્મા અને ચાર વેદોમાં વિશ્વાસ ધરાવતા હતા. દયાનંદને હિંદુ ધર્મના પ્રાચીન મુળ તરફ અભિમુખ કરવાનું શ્રેય એક માત્ર સ્વામી દયાનંદનને જાય છે. એમણે જે પણ ગ્રંથો મળ્યા એનું ઊંડું અધ્યયન કરી ૧૮૭૦ માં જાહેર કર્યું કે ઈશ્વરીય જ્ઞાન માત્ર ચાર વેદોમાં જ ઉપલબ્ધ છે. તે ચાર વેદો છે. ઋગ્વેદ, સામવેદ, યજુવેદ અને અથર્વવેદ એમનો દ્રઢ મન હતો કે, માનવબુÂધ્ધ માટે જેટલું ગ્રહણ કરવું સંભવ છે. તેટલું જ્ઞાન વેદોમાં આપેલું છે. એમણે લોકોને કહ્યું કે, સત્યની શોધ જાતે જ કરો અને પુરોહિત વર્ગ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલું સત્ય કદી પણ સ્વીકારો નહીં. વેદોજ સંપૂર્ણ પવિત્ર અને સ્વત પ્રમાણ છે. વેદોનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું અને ઈશ્વરની કૃપા મેળવવાનો સૌને સમાન હક્ક છે. આથી જ ભારતના ગૌરવશાળી ભૂતકાળની યાદ અપાવતાં એમણે કહ્યું 'વેદોની તરફ પાછા વાળો' વેદો સર્વ વિદ્યાઓનું પુસ્તક છે. વેદ ભણવા અને ભણાવવા અને સાંભળવા, સંભળાવવા એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

સમાજ સુધારક :

આધ્યાત્મિક જ્ઞાનની તરસમાં દયાનંદ અનેક સ્થળે કર્યા અને છેવટે મથુરા આવ્યા ત્યાં તેમને દંડી સ્વામી વિરજાનંદ મળ્યા. તેઓએ દયાનંદને શિષ્ય તરીકે સ્વીકાર્યા અને સર્વ વિદ્યાઓમાં પારંગત બનાવ્યા. જગત આખું અજ્ઞાનના અંધકારમાં અને અર્થહીન ચમત્કારો અને વિધિઓના ફંદામાં ફસાયેલું છે. તું જ્ઞાનની જ્યોત લઈ જગતને પ્રકાશમય બનાવ.

દયાનંદ ગુરૂ દક્ષિણાના સંદર્ભમાં ગુરૂના આદર્શને યાદ કરીને સમાજ સુધારણા ક્ષેત્રે ઝંપલાવ્યું તેમણે લોકોને સંબંધો કહ્યું કે, ઓ અબુધ્ધ માનવી, માનવીઓ, તમારા ભોળપણમાંથી, અજ્ઞાનતાના અંધકારમાંથી હવે તો બહાર આવો. મંદિરોની મૂર્તિઓ પ્રાણવિહિન છે. તેમનું પૂજન કરવાથી કોઈનું ભલું થવાનું નથી. ચાહે હજારો વર્ષો સુધી મંદિરના પગથીયા ઘસતા રહો તો પણ કશુ પ્રાપ્ત નહીં થાય. સદગુણો અપનાવો. પરમ પિતા પરમેશ્વર જે આકાશ વિહિન છે. તેમના પર વિશ્વાસ રાખો, શ્રધ્ધા રાખો તે તમારૂ કલ્યાણ કરશે.

હિંદુ ધર્મ અને સંસ્કૃતિ પર આ સમય ખૂબજ અંધકારમય હતો. ચારે તરફથી લોકોને ભરમાવવામાં આવી રહ્યા હતા. બાળવિવાહ, દહેજ પ્રથા, વર્ણપ્રથા જેવી સામાજિક બિમારીઓથી લોકમાનસ ગ્રસ્ત હતું. વિધવાઓની જિંદગી તો નર્ક કરતાંય બૂરી હતી. બ્રાહ્મણો લોકોને ભોળવી લુંટી રહ્યા હતા. સામાજિક રીતે હિન્દુ સમાજ અંધકારની ગર્તામાં ધકેલાઈ રહ્યો હતો.

સ્વામી દયાનંદે આ બધુ જાઈ સમાજ સુધારણા ક્ષેત્રે ઝંપલાવ્યું પરંતુ સમાજનું નવનિર્માણ તેમની સામે એક પડકારરૂપ હતું. પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સંવાદિતા સ્થાપવાની સમસ્યા તેમની સામે હતી. આ સમસ્યા યાને વડવા માટે સ્વામીજી અને આર્ય સમાજે સામાજિક દૂષણો પર સીધા પ્રહાર કર્યા.

(૧) સ્ત્રી કેળવણીને તેમણે પ્રથમ સ્થાન આપી તેમના માટે નિશાળો અને કોલેજા સ્થાપી.

(૨) બાળ વિવાહ, નાની વયમાં માતૃત્વ, વૈધવ્ય પરદા પ્રથા, અજ્ઞાનતા વગેરે સામે જેહાદ જગાવી અને તેની સામે લોકમત તૈયાર કર્યો.

(૩) વેદો અને શાસ્ત્રોનો આધાર આપી તેમણે કહ્યું કે, સ્ત્રીઓને પણ પુરૂષોની જેમ વેદ ભણાવાનો અધિકાર છે. સ્ત્રી-પુરૂષ સમાનતા સ્થાપવા તેમણે અથાગ પ્રયત્ન કર્યા.

(૪) સતીપ્રથા જેવી ધૃણાસ્પદ બાબતમાં તેમણે વેદોનો આધાર રાખી સાબિત કરી આપ્યું કે, સતી પ્રથાના પક્ષમાં પંડિતો દ્વારા કહેવામાં આવતા શા† વચન જુઠા છે અને વેદોમાં આવી અમાનવીય પ્રથાનું કોઈ સમર્થન નથી.

(૫) સમાજના સિધ્ધાંત પર ઊંચુ સ્થાપન અપાવ્યું. આર્ય સમાજ શુદ્ધિકરણનું આંદોલન શરૂ કર્યું તેમનું આ પગલું ધર્મ નિરપેક્ષણની દિશામાં એક નવું કદમ હતું.

(૬) પરદા પ્રથાનો ભંગ કરાવી સત્રીઓને આઝાદી બક્ષી, ભારતીય સ્ત્રીઓ આ માટે તેઓની હંમેશા ઋણી રહેશે.

સંસ્કૃત અને હિન્દી ભાષાનું મહત્વ :

સ્વામીજી અને આર્ય સમાજ સંસ્કૃત ભાષા સાથે ખૂબજ નીકટનો સંબંધ ધરાવે છે. મહર્ષિ દયાનંદ માટે સંસ્કૃત ભાષા, માતૃભાષા સમાન મહત્વની હતી. તેમનું ચિંતન તથા મોટા ભાગનું સાહિત્ય સંસ્કૃતમાં જ થયું છે. પરંતુ લોક વ્યવહારની ભાષા હિન્દી હોવાથી તેઓ લોક

સંપર્ક માટે તથા પ્રવચનો માટે હિન્દીનો ઉપયોગ કરતા. આથી તેઓએ 'સત્યાર્થ પ્રકાશ' તેમજ 'વ્યવહારભાનુ' જેવા ગ્રંથો હિન્દી ભાષામાં આપ્યા તો બીજી તરફ વેદાંગ પ્રકાશના ચૌદ ભાગ. સંસ્કૃત વાક્ય પ્રબોધ, વર્ણોચ્ચાર શિક્ષા જેવા નાના ગ્રંથો સંસ્કૃતમાં આપ્યા.

આર્ય સમાજનો એક ઉદેશ એ પણ હતો કે, શિક્ષણનું માધ્યમ સંસ્કૃત હોય, ગુરૂકુળો સ્થાપિત કરવાનું પ્રયોજન પણ એજ છે. આર્ય સમાજના વિધ્વાનોએ સંસ્કૃત ભાષામાં વિપુલ સાહિત્યની રચનાઓ કરી છે. આર્ય સમાજની કોઈ વ્યક્તિ એવી નહીં હોય જે ભાષાનું મૂલ્ય ન સમજતી હોય.

આર્ય સમાજની પ્રાર્થના, હવન, નિયમો, ઉપ નિયમોમાં પણ સંસ્કૃતના મહત્વ પર ભાર મુકવામાં આવે છે. આર્ય સમાજના પાંત્રીસના ઉપનિયમમાં એવો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે કે, બધાજ આર્ય સમાજીને સંસ્કૃત અને આર્યભાષા (હિન્દી) નું જ્ઞાન હોવું જરૂરી છે.

તેઓએ જે રાષ્ટ્રીય પ્રશ્નોને હલ કરવાની ઝુંબેશ ઉપાડેલી તેમાં રાષ્ટ્રભાષાનો પ્રશ્ન પણ સામેલ હતો. તેઓ માનતા કે, બધી પ્રાદેશિક ભાષાઓમાં હિન્દી વ્યાપક વિસ્તારોમાં બોલાય છે. તેની લિપી ખૂબજ વૈજ્ઞાનિક હોવા સાથે જન સમાજને સમજાય એવી હોવાથી તેને રાષ્ટ્રભાષાનો દરજ્જા આપવો જાઈએ.

શિક્ષણનું માધ્યમ ભારતીય ભાષા જ હોવી જાઈએ તેમનું માનવું હતું કે, બાળકને વિદેશી ભાષામાં શિક્ષણ આપવું તેના માટે બોજારૂપ છે. અંગ્રેજી ભાષાની ગાંધીજીની જેમ એમણે ઉપેક્ષા ન હોતી કરી પણ તેઓ ઈચ્છતા કે દરેક ભારતીયને એની ભાષા, સંસ્કૃતિ અને પરંપરાનું જ્ઞાન હોવું જાઈએ. એ પોતે જન્મે ગુજરાતી હોવા છતાં એમના પ્રવચનો એમણે હિન્દીમાં જ આપ્યાં. આર્ય ભાષા (હિન્દી) ને અપનાવી.

સ્વામીજીને પશ્ચિમના જ્ઞાનનો અને અંગ્રેજી ભાષાનો કોઈ પરિચય ન હોતો. એ તો સંસ્કૃત અને હિન્દીના જ્ઞાતા હતા. પણ એમના રાષ્ટ્ર પ્રતયેના પ્રેમ અને ભારતીય સંસ્કૃતિને બચાવવા જે જેહાદ જગાવી તેને કારણે તેઓ હિન્દી સંરક્ષક તરીકે હંમેશા યાદ રહેશે.

**સત્યાર્થ પ્રકાશ : The Light of Truth**

'સત્યાર્થ પ્રકાશ' નામનું સ્વામીજીનું ધાર્મિક અને આધ્યાત્મિક વિચારોમાંથી નીપજેલ જગતનું શ્રેષ્ઠ પ્રદાન ગણાયું છે. છેલ્લા સો વર્ષમાં હિંદી ગદ્યનો કોઈપણ ગ્રંથ આટલો લોકપ્રિય નથી થયો જેટલો સત્યાર્થ પ્રકાશ થયો છે. આ ગ્રંથનો દુનિયાની દરેક મોટી ભાષામાં હજારોને લાખોની સંખ્યામાં અનુવાદ થયો છે. ઐતિહાસિક દ્રષ્ટિએ 'સત્યાર્થ પ્રકાશ' સાહિત્યનો હિન્દી ભાષામાં લખાયેલો સર્વ પ્રથમ મહત્વપૂર્ણ ગ્રંથ છે.

આ ગ્રંથને સ્વામીજીએ પોતાના વિચારો અને આદર્શો સમજાવવા માટે લખેલ છે. 'સત્યાર્થ પ્રકાશ' એક પ્રકાશ સ્તંભ છે. જેના દ્વારા આપણે સાચી દીશા જાઈ શકીએ છીએ અને એના થકી જીવન સાચા અર્થમાં સુખી, સંપન્ન અને નિર્ભક બનાવી શકીએ છીએ. અને આપણા મનમાં રહેલ અંધશ્રધ્ધારૂપી અંધકારને દૂર કરી ઈશ્વરની પ્રાપ્તિ કરી શકીએ છીએ. પૃથ્વી પરના અબજા માણસો એવુ માને છે કે, આ પૃથ્વીનો સર્જનહાર એકજ છે. છતાં પોતાના સ્વાર્થને કારણે માણસે તેને અનેક માન્યતાઓ, અનેક ક્રિયાકાંડો તથા ઈશ્વરના હજારો પુત્ર, અનેક

સંપ્રદાયો, મત, પંથ વગેરેમાં વહેંચી દીધા છે. આ 'સત્યાર્થ પ્રકાશ' આપણી એ રોગિષ્ઠ મનોદશામાંથી બહાર લાવી ઈશ્વર એકજ છે. અને એ નિરાકાર છે. એવો યથોચિત અને તર્કસંગત સંતોષકારક ઉત્તર આપે છે.

'સત્યાર્થ પ્રકાશ' ના માધ્યમથી સ્વામી દયાનંદ સરસ્વતીએ આપણને બોધ કરાવ્યો છે કે, જ્યાં સુધી આપણે એક ઈશ્વર, એક ધર્મ, એક પ્રજા, પધ્ધતિ, શિક્ષણ, સંસ્કૃતિ, ભાષા, નીતી, સિધ્ધાંતોને અપનાવીશું નહીં ત્યાં સુધી વિશ્વભરના મનુષ્યોમાં એકતા નહીં થાય અને ત્યાં સુધી મનુષ્યો સુખી નહીં થઈ શકે.

સામાન્ય માનવી આ બાબતે સત્ય શું છે ? એ માટે અજ્ઞાત છે. આમ માનવ સમાજમાં ધર્મના વિષયમાં પતન પરાકાષ્ટાએ પહોંચ્યું છે. ત્યારે માનવ સમાજને માટે આ ગ્રંથ જ્ઞાનનો પ્રકાશ કરાવનારો છે.

**સમાપન :**

હિન્દુ રાષ્ટ્ર અને સમાજના નવનિર્માણ માટે ભારતીય પ્રજાને પોતાની પરંપરા માટે જાગૃત કરવા તેમજ માતૃભૂમિના આધ્યતના અને સામાજિક તેમજ નૈતિક બળને ઉંચુ લાવવા સ્વામીજીએ કરેલ કાર્યો માટે ભારત તેનું સદાય ઋણી રહેશે. પાશ્યાતા સંસ્કૃતિનું આંધળુ અનુકરણ અટકાવીને ભારતીય સંસ્કૃતતાને નવપલ્લવિત કરી પ્રજાના દિલ દિમાગમાં નવી આશા, નવો ઉમંગ અને નવી ઝંખનાઓનો આચાર કર્યો. ગાંધીજીના સમય પહેલાં સંસ્કૃતિના રક્ષક તરીકે તેઓ ઉભરી આવ્યા છે. ખુદ ગાંધીજીએ સ્વીકાર્યું કે જ્યાં જ્યાં જાઉ છું ત્યાં મને આ મહર્ષિના પદેચિન્હ નજરે પડે છે. દયાનંદે વૈદિક સંસ્કૃતિને માનવ જીવની સૌથી મહાન સંસ્કૃતિ તર્કે પ્રસ્થાપિત કરી તેઓ રાષ્ટ્રના શિલ્પી, અન્યાયની સામે લડત આપનાર નીડર અને અડીખમ એવા સામાજિક સુધારકોમાં દયાનંદનું સ્થાન સદા અવિસ્મરણીય રહેશે.